વડીલોને વંદન અભિનંદન

જેઠાલાલ એચ. વરૂ
(૧૯૪૧)ફોન: ૨૩૨૨૨૫૧૪

કમળાબેન ડી. ગાંધી
(૧૯૩૨)ફોન: ૨૩૨૪૬૫૪૮

ગણપતલાલ આઈ. સુથાર
(૧૯૩૫)ફોન: ૨૩૨૪૯૧૨૭

જયંતિલાલ મગનલાલ પરમાર
(૧૯૪૪)ફોન: ૨૩૨૨૬૭૪૫



પોલીસનું અપહરણ : શહેરના હાર્દસમા સે. ૧૭/૨૨ના વિસ્તારમાં એક બુટલેગરને ઝડપવા હરકતમાં આવેલ પોલીસ કોન્સ્ટેબલને સ્વીફ્ટ કારમાં કેદ કરીને વોન્ટેડ આરોપી ફરાર થઈ ગયો હોવાનો ચોંકાવનારો કીસ્સો પ્રકાશમાં આવ્યો છે. સમી સાંજે ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાથી જિલ્લા પોલીસતંત્ર પણ દોડતું થઈ ગયું હતું. સ્વીફ્ટ કારમાં કોન્સ્ટેબલને લઈને રફુચક્કર થઈ ગયેલા વોન્ટેડ આરોપીને સકંજામાં લેવા પોલીસતંત્રએ ચારેબાજુ નાકાબંધી કરી શોધખોળ હાથ ધરી હતી. આ સમગ્ર ઘટનાની સનસનાટીભરી તસવીર અમારા કેમેરામેને કેમેરામાં કેદ કરી લીધી હતી.

જમીનને લગતું રેકર્ડ ઓનલાઈન મળી રહે તે માટે કલેક્ટર કચેરીઓને સાંકળી લેતી ઓનલાઈન ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

નાગરિક પોતાની જમીનોને લગતુ રેકર્ડ ઓન લાઈન મેળવી શકે તે માટે તમામ કલેક્ટર કચેરીઓને સાંકળી લેતી ઓનલાઈન ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ શરૂ કરવામાં આવશે અને આ માટે રૂ. ૭૭.૬૯ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાનું રાજયના મહેસુલમંત્રી શ્રીમતી આનંદીબેને જણાવ્યું છે.

વિધાનસભા ગૃહમાં આજે મહેસૂલ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે રાજયમાં નવા રચાનાર જિલ્લા તાલુકા કચેરીઓ એટીવીટી કચેરી રાજયની ૪ મહાનગરપાલિકામાં નવી મામલતદાર કચેરીઓ શરૂ કરવા વધુ કાર્યભારણ ધરાવતા ઈ-ધરા કેન્દ્રો મહેસૂલી કામગીરી સુદૃઢ બનાવવા વધુ ૧૮૦૦ મહેસૂલી તલાટીની જગ્યાઓ મામલતદાર કચેરીઓમાં સર્કલ ઓફિસરોની ૧૫૭ જગ્યાઓ તથા સ્ટેમ્પ અને સર્વેની કામગીરી માટે વર્ગ-૧ થી વર્ગ-૩ની ૨૯૭૪ જગ્યાઓ ઉભી કરવાનું આયોજન છે.

તેમણે જણાવ્યું હતું કે નાગરિકોને વધુ સારી સુવિધાયુક્ત સેવાઓ ઉપલબ્ધ કરાવવા કલેક્ટર પ્રાંત અને મામલતદાર કચેરીઓના ચાલુ ને નવા બાંધકામ માટે રૂ. ૧૫૫ કરોડ ઉપરાંત જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત મહેસૂલી અધિકારીઓના નવા નિવાસસ્થાનોના બાંધકામ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી નેશનલ લેન્ડ જમીન રેકોર્ડ પુરો પાડવાનો સંકલિત કાર્યક્રમ હાથ ધરી રાજ્યના ૨૨ જિલ્લાઓમાં રીસર્વેની કામગીરી માટેની રૂ. ૧૧૨ કરોડની ચાલુ બાબતની જોગવાઈ ઉપરાંત ભરૂચ જિલ્લામાં રીસર્વેની કામગીરી હાથ ધરવા રૂ. ૪.૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

અમદાવાદ વડોદરા રાજકોટ અને સુરત મહાનગરપાલિકા વિસ્તારના વિકાસને ધ્યાને લઈને લોકોના પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવા વધુ ૧૩ મામલતદાર કચેરીઓ શરૂ કરવા રૂ. ૩.૦૪ કરોડની જોગવાઈ કરેલ હોવાનું તેમણે જણાવ્યું હતું.

અછત જેવી કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સરકાર કટીબદ્ધ છે અને આ માટે આગામી વર્ષ રૂ. ૧૨૦૧ કરોડનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવીને તેમણે જણાવ્યું હતું કે પાણીનો પુરવઠો ઉપલબ્ધ બને તે માટે પાણી પુરવઠા બોર્ડને રૂ. ૧૦૧ કરોડ મંજૂર કરેલ છે. કુદરતી આપત્તિ સામે ગુજરાતની પ્રજાને રક્ષણ આપવાની સાથે દૃઢતાપૂર્વક તેવી આપત્તિમાંથી બેઠા થવાની દિશામાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ કાર્યરત છે. આ તંત્ર દ્વારા આફતને અવસરમાં પલટાવી શકાય તે કક્ષાની કામગીરી માટે રૂ. ૧૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ઊંઝામાં પોલીસની નિષ્ક્રિયતાને લીધે ગુનાનો ગ્રાફ વધતા લોકોમાં રોષ

ઊંઝા, તા.૧૮

ઊંઝા શહેરમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે ઘરફોડ તથા અન્ય ચોરીઓના બનાવોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો હોય લોકોમાં ભયની લાગણી પ્રસરી છે. તાજેતરમાં શહેરના વિસનગર રોડ પર આવેલ કેવલેશ્વર મહાદેવના મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. બાદ શહેરની મુરલીધર સોસાયટીના એક બંધ મકાનને નિશાન બનાવીને અંદરથી રૂપિયા ૮૫ હજાર ઉપરાંતની કિંમતની મત્તાના સોના ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે મુરલીધર સોસાયટીમાં રહેતા રાજેશકુમાર કનુભાઈ નાયક પોતાનું મકાન બંધ કરીને પરિવાર સાથે ગાંધીનગર ગયા હતા. ત્યારે રાત્રિના સમયે કોઈ તસ્કરોએ આ બંધ મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી રૂમમાં પડેલ તિજોરી તોડી નાંખી અંદરથી ત્રણ તોલા વજનનો સોનાનો દોરા તેમજ ચાંદીના દાગીના મળી કુલ ૮૫૩૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

ભાજપના જુઠ્ઠાણા સામે કોંગ્રેસના ધારાસભ્યોની પ્લેકાર્ડ સાથે કૂચ

ગુજરાતમાં ગરીબી નથી તો સરકાર ગરીબ કલ્યાણ મેળા કેમ યોજે છે : વાઘેલા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના સભ્યોએ વિરોધપક્ષના નેતા શંકરસિંહજી વાઘેલાની આગેવાનીમાં સૂત્રોચ્ચાર સાથે પ્લેકાર્ડ દર્શાવી સચિવાલય સંકુલમાં આવેલ પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમા સુધી કૂચ કરી ગયા હતા. પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુરતની આંટી અર્પણ કરીને ભાજપની સરકાર અસત્ય બોલવાનું બંધ કરે અને સત્યની પ્રેરણા લે તેવી તેમને સદ્‌બુદ્ધિ આપે તેવી પૂજ્ય મહાત્મા ગાંધીજીને પ્રાર્થના કરી હતી.

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, વિકાસની વાતો કરતી ગુજરાતની ભાજપ સરકારે છ છ વાયબ્રન્ટ મહોત્સવ પાછળ કરોડો રૂપિયા ખર્ચ્યા હોવા છતાં છેલ્લાં ૧૦ વર્ષમાં ફક્ત રૂા. ૩૬,૯૧૩ કરોડના વિદેશી મૂડીરોકાણ સાથે દેશમાં પાંચમાં ક્રમે છે. જ્યારે મહારાષ્ટ્ર કોઈપણ વાયબ્રન્ટ મહોત્સવ વગર એકપણ રૂપિયાનો ખર્ચ કર્યા સિવાય રૂા. ૨,૫૪,૬૨૪ કરોડના વિદેશી મૂડીરોકાણ સાથે પ્રથમ ક્રમે છે. ખેતી ક્ષેત્રે પણ સરકારના આંકડા જોઈએ તો તેમાં પણ સરકાર દ્વારા જૂઠ્ઠાણું ચલાવવામાં આવ્યું છે. રાજ્યમાં ૧૦ લાખ જેટલા ખેડૂતો વીજળી વગર ટળવળે છે. ગુજરાત કૃષિ પેદાશમાં પણ દેશમાં ૧૦મા છેવાડાના ક્રમે આવે છે. રાજ્યમાં ૫૭ ટકા જેટલા બાળકો અને મહિલાઓ કુપોષણથી પીડાય છે, તેની ચિંતા કરવાને બદલે સરકાર મહિલાઓ બ્યુટી કોન્શીયસ હોવાને કારણે પાતળી દેખાવા માટે કુપોષણથી પીડાય છે તેવી ખોટી વાતો કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રીએ ઈન્ડિયા ટુડે કોન્ક્લેવ, દિલ્હીના પ્રવચનમાં રાજ્યમાં કોઈ ગરીબ નથી, પરંતુ બહારના રાજ્યોના ગરીબો ગુજરાતમાં આવે છે, તેના કારણે ગુજરાતમાં ગરીબી છે તેવા અસત્ય નિવેદનની ટીકા કરતાં વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર આ અંગે શ્વેતપત્ર બહાર પાડે અને બહારના રાજ્યના કેટલા ગરીબ લોકો ગુરૂચાતમાં આવ્યા છે તે જાહેર કરે. જો ગુજરાતમાં ગરીબો ન હોવાની જાહેરાતો થતી હોય તો સરકાર ગરીબ કલ્યાણ મેળા યોજીને શા માટે કરોડો રૂપિયાનો વ્યય કરે છે. આ ગરીબ કલ્યાણ મેળાઓ પાછળ કરવામાં આવતો કરોડો રૂપિયાનો ખર્ચ લોકોને પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટે કરવો જોઈએ. પ્રજાને ખોટા આશ્વાસનો આપવાનું બંધ કરી, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી પ્રજાને પીવાનું પાણી તાત્કાલિક પહોંચાડવું જોઈએ. 'ખાતો નથી, ખાવા દેતો નથી' તેવી વાતો કરનાર લોકાયુક્તની નિમણુંકથી ડરીને કોર્ટ-કચેરીમાં ગુજરાતની પ્રજાના કરોડો રૂપિયા વાપરવાના બંધ કરે અને સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અમલ કરે.

આજે ધોરણ ૧૨ સાયન્સમાં રસાયણ વિજ્ઞાનનું પેપર હશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની સેમેસ્ટર પરીક્ષા લેવાઈ રહી છે જેમાં મંગળવારે વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાનનું પેપર આવશે. આ ઉપરાંત ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કોમ્પ્યુટર પરિચય ધોરણ ૧૨ ઉત્તર બુનિયાદી પ્રવાહમાં ચિત્રકામનું પેપર લેવામાં આવશે.

ધોરણ ૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ચુક્યો છે જેમાં મંગળવારે વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાનનું પેપર આવશે. સોમવારે પ્રથમ દિવસે જ ગણિતનું પેપર અઘરું તેમજ લાંબુ પૂછાતા વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાઈ ગા છે. મંગળવારે રસાયણ વિજ્ઞાનનું અગત્યનું પેપર હોવાથી વિદ્યાર્થીઓ છેલ્લી ઘડી સુધી પરીક્ષાના પુનરાવર્તન કરવામાં લાગી ગયા છે.

૧૦૦૮ ચંદ્રપ્રભુ દિગંબર જૈન મંદિર અતિક્ષેત્ર બાલીસણા નગરમાં ૫૫મો વાર્ષિક ધ્વજારોહણ મહોત્સવ યોજાશે

તલોદ, તા.૧૮

પ્રાંતિજ તાલુકાના રમણીય ગામ અને ક્ષત્રિય સમાજની મોટી વસ્તિ ધરાવતા એવા બાલીસણા નગરે દિગંબર જૈનોની સારી એવી વસ્તી હતી. પરંતુ ધીમે ધીમે ધંધાના વિકાસ અર્થે જૈનોને ભારતભરના અન્ય શહેરોમાં સ્થળાંતર કરવું પડયું છે. આ ગામમાં શિખરબંધ દિગંબર જીનાલયનું ભવ્ય નિર્માણ કરવામાં આવેલ છે. જયાં જૈનો સવારે નિત્ય પુજા, આરતી અને પાઠ કરતા હતા હાલ પણ થાય છે. આવા સુશોભિત જિનાલયમાં અતિશયકારી ચંદ્ર પ્રભુ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. સાથે સાથે ચોવીસ તિર્થંકર ભગવાનની મૂર્તિઓ પણ બિરાજમાન કરવામાં આવેલ છે. આજે જૈનોના એક-બે ઘર જ છે છતાં રોજ ભગવાનની આરતી, અભિષેક, પાઠ-પુજા થઈ રહ્યા છે. બહારગામ વસતા આ ગામના જૈનો અવારનવાર અહીં દર્શન કરવા આવી જીવન ધન્ય બનાવે છે. ચંદ્રપ્રભુની આ બિરાજમાન મૂર્તિ 'ચમત્કારીક' હોવાનું કહેવાય છે. આ જૈન મંદિરે '૫૫મો વાર્ષિક ધ્વજારોહણ' ખૂબ જ ધામધૂમપૂર્વક ધાર્મિક ભાવનાથી, ઉલ્લાસભેર, બાલીસણાના દિગંબર જૈન ભાઈ-બહેનો તા. ૨૪-૩-૨૦૧૩ને રવિવારના રોજ ભારતભરમાંથી આવી ધ્વજારોહણમાં ભાગ લેનાર છે. સ્વ. શાહ ચંપકલાલ જેઠાલાલનાં પરિવારના સભ્ય શાહ શારદાબેન ચંપકલાલ સૌ જૈનોની હાજરીમાં ધ્વજારોહણ શિખર ઉપર કરશે. આ પ્રસંગે નિલેશભાઈ, નિકુંજભાઈ તેમજ કમલેશભાઈ અને કૌશિકભાઈ (મુંબઈ) તેમજ રાજેશભાઈ હાજર રહી આ પ્રસંગને સુશોભિત કરવા પ્રયત્નશીલ બન્યા છે. આ વખતે શ્રીજીનો અભિષેક નિત્ય નિયમપુજા આરતિ, તેમજ શોભાયાત્રાનું પણ આયોજન કરેલ છે. શ્રીજીના મંદિર બાલીસણાના શિખર પર ધ્વજારોહણ જૈનો અને ગ્રામજનોની હાજરીમાં સવારે ૧૧ કલાકે થનાર છે.

મેઘાણીનગર પોલીસ પાસે હાઈકોર્ટે ખુલાસો માંગ્યો

દુષ્કર્મનો ભોગ બનેલી પીડિતાને ફોન કરી બ્લેક મેઈલ કરી ભિભત્સ માંગણી કરવાના ચકચાર ભર્યા કેસમાં આગોતરા જામીન ઉપર મુક્ત થયેલા આરોપી સંદિપ પંચાલના જામીન રદ કરવા કરાયેલી અરજી દરમ્યાન મહિલાએ હાઈકોર્ટમાં ઝેર પી લીધું હતું. આ મામલે હાઈકોર્ટના જસ્ટીસ એ. જે. દેસાઈએ મેઘાણીનગર પોલીસ પાસેથી ખુલાસો માંગ્યો હતો. મેઘાણીનગર પોલીસે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, મહિલાએ હાઈકોર્ટમાં ઝેર પીધું હતું. આ અંગે તેની સામે ફરિયાદ નોંધી આરોપી સંદિપ પંચાલની ધરપકડ કરવામાં આવી હતી. તેના એક દિવસના રીમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

શબ્દાવલી - ૫૦૧૧



આડી ચાવી

૧. પરણવા જતા વરરાજાની સાથે રહેતી એક વ્યક્તિ (૪)
૪. બલિરાજા સામે ભગવાને લીધેલ એક અવતાર (૩)
૬. બરબાદી, ખરાબી (૪)
૭. મકાન, રહેઠાણ (૨)
૯. વદાડ, દેખાદેખી (૨)
૧૦. રાહ, રસ્તો (૩)
૧૨. એક લાકડાના સાધન પર રમાતી રમત (૩)
૧૩. સાતતાળી, પકડદાવ (૫)
૧૪. સળગાવવું (૩)
૧૫. ... તે, બહાર નીકળતું (૨)
૧૮. પાસુ (૩)
૨૧. ખુબ સરસ જેવો ઉદ્‌ગાર (૨)

ઊભી ચાવી

૧. અણસમજુ, બુધ્ધુ (૪)
૨. વહુ, પત્ની (૨)
૩. કમાવું (૩)
૪. બોલી, વાચા (૨)
૫. હરદમ (૪)
૮. પાણી કે કાદવમાં રગડવું (૫)
૧૨. કમર (૨)
૧૪. એક ધાન્ય (૩)
૧૫. ... જવું, રળવા જવું (૩).
૧૬. આશરો, આશ્રય (૩)
૧૮. મચ્ચકોડ (૨)
૧૯. અલગ, જુદુ (૨)

શબ્દાવલી ૫૦૧૦ના જવાબ

આડી ચાવી :- (૧) અહેવાલ (૩) હેરત (૫) વહેમ (૬) હેરાફેરી (૯) વાસી (૧૦) લગીર (૧૨) હલ (૧૩) સમાપન (૧૫) વિવાહ (૧૭) મેમ (૧૮) ચયન (૨૦) દર્શન (૨૧) નિયમન

ઊભી ચાવી :- (૧) અવહેલના (૨) લવરી (૩) હેમ (૪) તહસીલ (૭) રાગી (૮) ફેર (૯) વાહન (૧૧) રામા (૧૩) પરિચય (૧૫) વિમર્શ (૧૬) કાનન (૧૭) મેદ (૧૯) યમ

ભાવી વડાપ્રધાન તરીકે જાહેર થવાની લાહ્યમાં મોદી ગુજરાતમાં જ રાજયના વડા તરીકે તેમની ફરજો ચુકી રહ્યા છે

અમદાવાદ, તા. ૧૮

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના રોગથી ૧૨૧ નાગરિકોના મૃત્યુ થયા છે એવા સમયે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી પોતાની જાતને દેશના ભાવી વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવામાં ઊંચા આવતા ન હોવાનો આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા શ્રી જયરાજસિંહ પરમારે કર્યો છે. તેમણે જણાવ્યું છે કે રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફિડલ વગાડતો હતો એવી જ પરિસ્થિતિ અત્યારે ગુજરાતના નાગરિકોના માથે ઠોકી બેસાડી દેવામાં આવી છે.

શ્રી જયરાજસિંહે જણાવ્યું છે કે, ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ દ્વારા સ્વાઈન ફ્લુના વધતા જતા રોગચાળા માટે કોંગ્રેસના ધારાસભ્યોએ ચર્ચા કરવાની દરખાસ્ત કરી ત્યારે એ દરખાસ્તને પણ રાજય સરકારે ફગાવી દીધી છે એવા સંજોગોમાં આ રોગચાળાને નાથવા માટેની સરકારની ઈચ્છાશક્તિ માટે પણ નાગરિકોને હવે શંકા ઉપજે છે. શ્રી જયરાજસિંહે જણાવ્યું છે કે રાજયના મુખ્યમંત્રી શ્રી મોદી પોતાની જાતને રાષ્ટ્રીય કક્ષાએ પ્રોજેક્ટ કરવાના પ્રયત્નોમાં ગુજરાતના નિર્દોષ નાગિકોને જાણ્યે અજાણ્યે મોતના મુખમાં હોમી રહ્યા છે. શ્રી જયરાજસિંહે જણાવ્યું છે કે ગુજરાતની પ્રજાને તેમના નસીબ ઉપર છોડી દઈને પોતાની આત્મપ્લાઘા કરવામાંથી ઊંચા ન આવનારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના વિકાસના નામે અને ગુડ ગવર્નન્સના નામે દેશભરમાં જુઠાણા ફેલાવતા પહેલા ગુજરાત રાજયની આર્થિક પરિસ્થિતિ જાહેર કરતું શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ. જેથી ગુજરાતમાં વિકાસના નામે અને ગુડ ગવર્નન્સના નામે કેટલા લોકોને અને કોને કોને ફાયદો થયો છે.

પોલીસનું અપહરણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોન્સ્ટેબલ પ્રદિપસિંહ ઉતરીને સ્વીફ્ટ કારના દરવાજે દસ્તક દીધી હતી. આ દરમિયાન કારમાં બેઠેલા વોન્ટેડ આરોપી સહિતના અન્ય ઈસમોએ પોલીસ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી હતી. પોલીસ કોન્સ્ટેબલ સાથે હાથાપાઈ પર ઉતરી આવેલા બુટલેગર શૈલેન્દ્રસિંહે પોલીસકર્મીને કારમાં હડસેલી અંદરથી દરવાજો લોક કરી દીધો હતો. તેવામાં જ સાથી પોલીસ કર્મચારીએ બચાવપક્ષે લાકડી ઉગામી હતી. કારનો કાચ તુટી ગયો હતો પરંતુ આરોપીને સકંજામાં લેવા ગયેલા પોલીસ કોન્સ્ટેબલને જ ઉઠાવી બુટલેગર અને તેના સાગરિતો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. સે. ૨૨ના ભરચક વિસ્તારમાં સમી સાંજે બનેલી આ ઘટનાથી ચકચાર મચી જવા પામી હતી. પોલીસ કર્મચારીને કારમાં કેદ કરી ફરાર થયેલા તત્વોને ઝડપી લેવા જિલ્લા પોલીસતંત્ર દોડતુ થઈ ગયું હતું. પોલીસે શહેર અને આસપાસના તમામ પ્રવેશ દ્વારોએ નાકાબંધી ગોઠવી આરોપીઓને ઝડપી લેવા પ્રયાસ શરૂ કરી દીધા હતા.

બીજી તરફ પોલીસ કોન્સ્ટેબલનું અપહરણ કરી આગળ વધતી કારને વાવોલ નજીક રોકી દીધી હતી. જ્યાં વોન્ટેડ આરોપી કારમાંથી ઉતરી નાસી ગયો હતો. આ દરમિયાન પણ તેણે પોલીસ સાથે ઝપાઝપી કરી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે આખરે પોલીસની વોચ અને નાકાબંધીના લીધે કારમાં બેઠેલા આરોપીના મિત્રો પોલીસ કોન્સ્ટેબલના તાબે થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસ સ્ટેશને કાર લઈ જઈ શરણાગતિ સ્વીકારી લીધી હતી. સે. ૨૧ પોલીસે અપહરણ અને હૂમલાનો ગુનો નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વધુ ત્રણ કેસ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આજે મળેલા ૩ કેસો સાથે ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૧ થવા પામી છે. આ પૈકી ૯ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી છે. સ્વાઈન ફ્લુના કારણે જિલ્લામાં ૪ દર્દીના મૃત્યુ પણ નોંધાયા છે. અમદાવાદ-ગાંધીનગરમાં હાલ ૮ જેટલા દર્દીઓ આ રોગની સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સતત વધી રહેલા સ્વાઈન ફ્લુના કેસો માટે હવામાનમાં સતત બદલાવ નોંધાતો હોવાનું કારણ વધારે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

રમખાણપીડિતનો ફોટો મૂકતા ઈન્ક્વાયરી કરવા કોર્ટનો આદેશ

અમદાવાદ,તા. ૧૮

'રાજધાની એક્સપ્રેસ' ફિલ્મમાં રમખાણો દરમયાન ભોગ બનેલા પીડિતનો બે હાથ જોડતો ફોટો ફિલ્મમાં દર્શાવાતાં થયેલી ખાનગી ફરિયાદમાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ આઈ. એચ. સરદારે કોર્ટ તપાસનો આદેશ જારી કર્યો છે. આ મામલે ૨૨મી માર્ચે વધુ સુનાવણી હાથ ધરાશે.

ફરિયાદી કુતુબુદ્દીન અંસારીએ મેટ્રો કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરી હતી. જેમાં એવી રજુઆત કરી હતી કે તાજેતરમાં રીલીઝ થનારી હિન્દી ફિલ્મ 'રાજધાની એક્સપ્રેસ' ફિલ્મમાં તેમનો બે હાથ જોડતો ફોટો દર્શાવવામાં આવ્યો છે. આ ફોટો દર્શાવવા માટે ફિલ્મના ડિરેક્ટર અશોક કોહલી અને ફિલ્મના નિર્માતા મનોજ કેજરીવાલે અમારી કોઈ પરવાનગી મેળવી નથી. અમારી મુક્ત સંમતિ વિના ફિલ્મમાં ફોટો ફિલ્મમાવવામાં આવ્યો છે.

જેનાથી તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી છે. સમાજમાં બદનામી થઈ છે. ફિલ્મમાં ફોટો દર્શાવવા બદલ કોઈપણ કાયદેસરની કાર્યવાહી આચરવામાં આવી નથી. ફિલ્મમાં ફોટો દર્શાવવા બદલ ફિલ્મના ડિરેક્ટર અને નિર્માતા પાસેથી વળતર પેટે રૂપિયા ૨૫ લાખ ચૂકવવા આદેશ કરવા દાદ માંગવામાં આવી છે.

વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ રાજ્યમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. આ રમખાણો દરમિયાન લઘુમતી કોમની લોકોના જાન માલને મોટી માત્રામાં નુકસાન થયું હતું.

લોકો ઘરવિનાના થઈ ગયા હતા. આવી દયનીય સ્થિતિમાં ફરિયાદી કુતુબુદ્દીન અન્સારીનો લાગણી સભર ફોટો ફિલ્મમાં દર્શાવામાં આવ્યો છે. જે મામલે ન્યાય મેળવવા કોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

ગાંધીનગરના વિકાસ પાછળ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સાથે ૮૦૦ યુનિટનું એક અલાયદુ વિવેકાનંદનગર ઉભુ કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહેર હવે સુઆયોજિત નગર તરીકે વિકસી રહ્યું છે અને મુખ્યમંત્રીશ્રીના ગાંધીનગરને ગૌરવવંતુ બનાવવાના અભિગમના પ્રતિસાદરૂપે પાટનગરનો આધુનિક ઢબે વિકાસ હાથ ધરવામાં આવ્યો છે. શહેરમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજના પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થયું છે તેમજ હાલની પાણી પુરવઠા પદ્ધતિને સંગીન બનાવવા માટે રૂ. ૨૨.૭૧ કરોડના ખર્ચે હાથ ધરાયેલા કામો પૂર્ણ થયા છે. મહેસુલ વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે મહેસુલ વિભાગ હસ્તકની દીનદયાળ મોજણી અને મહેસુલી વહીવટ સંસ્થાને અપગ્રેડ કરી મહેસુલી અધિકારીઓને તાલિમ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા વિશેષ જોગવાઈ રૂ. ૬.૫૦ કરોડની કરવામાં આવી છે.

આ અગાઉ ચર્ચામાં ભાગ લેતાં ભાજપના શ્રી અશોક પટેલે ૧૨ વર્ષમાં નગરના વિકાસ માટે લેવાયેલા પગલાંઓને બિરદાવ્યા હતા તો શંભુજી ઠાકોરે શહેરના માર્ગોની ઓળખ માટે ફૂલ છોડ ઉછેરના અભિગમને આવકારી બજેટમાં કરેલી જોગવાઈઓને વિકાસલક્ષી ગણાવી હતી. કોંગીના શ્રી રાઘવજી પટેલે એમ.એલ.એ. હોસ્ટેલમાં મોબાઈલનું નેટવર્ક નહિ પકડાતું હોવાની ફરિયાદ કરી હતી તો કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે જંત્રીની વિસંગતાઓ દૂર કરવાની માંગ કરી હતી.

રહસ્યમય ધડાકો...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. તેમજ પોલીસને ઘટના સ્થળેથી સાયકલના છ્ટા, પ્લાસ્ટિક બેગના ટુકડા વગેરે વસ્તુઓ મળી આવી હતી.

એફએસએલની ટીમે પણ ઘટના સ્થળેથી બોંબના પુરાવા એકત્રિત કર્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ બોંબને કોઈ અહીં ફેંકી ગયું હશે અને મજૂરનો પગ અડતાં જ બ્લાસ્ટ થયો છે. આ ધડાકાની તીવ્રતા ઘણી ઓછી હતી. પોલીસ સામે હાલ એક પ્રશ્ન ઉભો થયો છે કે આ બોંબ કોણ મૂકી ગયું છે. તેમજ આવી અવાવરૂ જગ્યાએ બોંબને છુપાવી રાખ્યો હતો. તેમજ તપાસ હાથ ધરી છે. શહેરમાં હાલ હૈદરાબાદ બ્લાસ્ટને કારણે તેમજ સુરંગકાંડને લઈ અને હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે આ બોંબ બ્લાસ્ટ થતાં જ પોલીસ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. એફએસએલ, કાઈમ બ્રાન્ચ તેમજ એટીએસે હાલ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં સ્વર્ગની અનુભૂતિ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એટલી પહોળી પાઈપ લાઈન નાંખીને વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં ચરેડી પાણીની ટાંકી પાસે આવેલી સેવા વસતીમાં વીજળીકરણ કરવામાં આવ્યું છે. તેનો ઉલ્લેખ કરીને ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, પાટનગર યોજના વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ અત્યંત નિષ્ઠાપૂર્વક ખડે પગે પોતાની ફરજ બજાવી રહ્યા છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓની સેવાને બિરદાવી હતી.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના તમામ લોકોની આશાનું કિરણ છે એમ કહીને ધારાસભ્ય શ્રી અશોકભાઈ આર. પટેલે જણાવ્યું હતું કે, આખો દેશ શ્રી નરેન્દ્રભાઈ મોદીને સુકાન સોંપવા તત્પર બન્યો છે.